પાકિસ્તાન અને અફઘાનિસ્તાન અંગે 7મી ભારત-રશિયા વિશેષ વ્યવસ્થા (14 ઑક્ટોબર, 2026)

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન અંગે ભારત-રશિયા વિશેષ વ્યવસ્થા' હેઠળની 7મા તબક્કાની વાટાઘાટો 14 ઑક્ટોબર 2026 ના રોજ નવી દિલ્હીમાં યોજાઈ હતી. આ બેઠકની સહ-અધ્યક્ષતા ભારતના નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી પવન કપૂર અને રશિયાની સુરક્ષા પરિષદના નાયબ સચિવ શ્રી એલેક્ઝાન્ડર વેનેડિક્ટોવે કરી હતી.

2. બંને પક્ષોએ આંતરરાષ્ટ્રીય સુરક્ષા પર તેની અસરો સહિત, પરસ્પર હિતના વિવિધ મુદ્દાઓ અંગે વ્યાપક ચર્ચા કરી હતી. તેમણે 'ભારત–રશિયા વિશેષ અને વિશેષાધિકારપ્રાપ્ત વ્યૂહાત્મક ભાગીદારી'ના માળખા હેઠળ ચાલી રહેલા સહકારને વધુ મજબૂત બનાવવાની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

3. તેમની મુલાકાત દરમિયાન, શ્રી વેનેડિક્ટોવે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજિત ડોભાલ સાથે પણ મુલાકાત કરી હતી.

નવી દિલ્હી

14 ઑક્ટોબર, 2026